NEW JERSEY VOTES

SAFE. SIMPLE. SECURE.

GENERAL ELECTION 2023

# અહી આગામી સામાન્ય ચૂંટણીમાં તમે મતદાન કરી શકો તેની 3 રીતો છે...

## 1. ચૂંટણીના દિવસે તમારા મતદાન સ્થળ પર

**રૂબરૂમાં** તમારા મતદાન સ્થળે, સવારે 6:00 થી સાંજના 8:00 વાગ્યા સુધી **ચૂંટણીના દિવસે, 7 નવેમ્બરના રોજ** મતદાન કરો. અપંગતાવાળા મતદારો માટે સગવડ કરવામાં આવશે.

તમારા મતદાન સ્થળ માટે, મતદાન સ્થાનો પૃષ્ઠ પર સૂચિબદ્ધ **VOTE.NJ.GOV** પર જાઓ.

## 2. રૂબરૂમાં વહેલું મતદાન

આ વિકલ્પ તમામ રજિસ્ટર્ડ મતદારોને ચૂંટણીના દિવસ પહેલાના નવ દિવસના સમયગાળા દરમિયાન, **મતદાન મશીનનો ઉપયોગ કરીને રૂબરૂમાં મતદાન કરવા સક્ષમ બનાવે છે.**. જ્યારે તમારા શેડ્યૂલ માટે સૌથી અનુકૂળ હોય ત્યારે તમે રૂબરૂમાં મત આપવાનું પસંદ કરી શકો છો.

તમે કાઉન્ટીમાં ક્યાં રહો છો તેને ધ્યાનમાં લીધા વિના, તમે **તમારા** કાઉન્ટીના કોઈપણ નિયુક્ત રૂબરૂ પ્રાથમિક મતદાન સ્થાનો પર તમારા ચોક્કસ મતપત્રને મત આપી શકો છો. અહી તમારા કાઉન્ટીના સ્થાનો શોધો **VOTE.NJ.GOV**.

રૂબરૂમાં વહેલા મતદાન સ્થાનો **શુક્રવાર, ઓક્ટોબર 28 થી રવિવાર, નવેમ્બર 5** સુધી ખુલ્લા રહેશે. સમય **સોમવાર -શનિવાર, સવારના 10:00 – સાંજના 8:00 અને રવીવાર, સવારના 10:00 – સાંજના 6:00 સુધીનો રહેશે.** કોઈ એપોઈંટમેંટ જરૂરી નથી. અપંગતાવાળા મતદારો માટે સગવડ કરવામાં આવશે.

## 3. વોટ-બાય-મેલ બેલેટ

નોંધાયેલા મતદારો **વોટ-બાય-મેલ બેલેટ** માટે **VOTE.NJ.GOV** પર મળેલી સૂચનાઓને અનુસરીને અથવા તેમના કાઉન્ટી ક્લર્કનો સંપર્ક કરીને અરજી કરી શકો છો.

એ પછી, નીચે આપેલ પૈકી એક રીતે મત આપો અને તમારો મત પરત કરો...

- *મેઈલ:* તમારો વોટ-બાય-મેલ બેલેટ **અવશ્ય** નવેમ્બર 7 ના રોજ **સાંજે 8:00 કલાક પર** આ સમયે અથવા પહેલા પોસ્ટમાર્ક થયેલ હોવું જોઈએ અને 13 નવેમ્બરના રોજ અથવા તે પહેલાં તમારા કાઉન્ટીના ચૂંટણી બોર્ડને પ્રાપ્ત થવો જોઈએ.
- *સુરક્ષિત મતપત્ર ડ્રોપ બોક્સ:* તમારો વોટ-બાય-મેલ બેલેટ 7 નવેમ્બરના રોજ રાત્રે 8:00 વાગ્યા સુધીમાં તમારા કાઉન્ટીના સુરક્ષિત મતપત્રોમાંથી એકમાં મૂકો. ડ્રોપ બોક્સ સ્થાનો અહી પર મળી શકે છે **VOTE.NJ.GOV**.
- *બોર્ડ ઓફ ઇલેક્શન ઓફિસ:* તમારો વોટ-બાય-મેલ બેલેટ કાઉન્ટીના ચૂંટણી બોર્ડ ઓફિસને 7 નવેમ્બર ના રોજ રાત્રે 8:00 વાગ્યા સુધીમાં રૂબરૂમાં આપો. કાઉન્ટી ચૂંટણી અધિકારીઓની સંપર્ક માહિતી અહીંથી મળી શકે છે **VOTE.NJ.GOV**.

**નોંધ: વોટ-બાય-મેલ બેલેટ તમારા વહેલા મતદાન સ્થાન અથવા મતદાન સ્થળે પરત કરી શકાતા નથી.**

ગવર્નર Phil Murphy
સેક્રેટરી ઓફ સ્ટેટ Tahesha Way

**1-877-NJ-VOTER (1-877-658-6837)**
**Vote.NJ.Gov**